**નવસારી મહાનગરપાલિકા**
**મહાનગર સેવા સદન,દુધિયા તળાવ નવસારી -૩૯૬૪૪૫**
**ફોન : (૨૬૩૭) ૨૫૦૨૫૩ Email : mc-nmc@gujarat.gov.in**

## નવસારી મહાનગરપાલિકા નામદાર સુપ્રીમ કોર્ટ / નામદાર હાઇકોર્ટ તેમજ કોરટમાં આયોગ કોર્ટની એડવોકેટશ્રી પેનલ બનાવવા અંગેની જાહેરાત:

નવસારી મહાનગરપાલિકા ધ્વારા / વિરુધ્ધ નામદાર ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ ખાતે આવેલ વિવિધ ટ્રિબ્યુનલ, ફોરમ,આયોગ તેમજ સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવતા તમામ પ્રકારના કેસોને ચલાવવા નામદાર કોર્ટો સમક્ષ હાજર રહી નવસારી મહાનગરપાલિકા વતી રજૂઆતો કરી કેસોનો નિકાલ કરવા માટે નવસારી મહાનગરપાલિકા ધ્વારા પેનલ એડવોકેટોની યાદી તૈયાર કરવાની હોય,જેથી ઇચ્છુક વકીલ પાસે અરજીઓ મંગાવામાં આવે છે.

(1)ગુજરાત ટાઉન પ્લાનિંગ એક્ટ, ધી જી.પી.એમ.સી.એક્ટ અન્વયેના જી.ડી.સી.આર, રેવેન્યુ યુ.ડી.ડી., ટેનન્સી,યુ.એલ.સી. બાંધકામની પરવાનગી,ગેરકાયદેસર બાંધકામ બાબતે ,જમીન સંપાદન,ગૃડાએક્ટ,જમીન-મિલ્કત,જાહેરાતના માધ્યમ (હોર્ડિંક્સ, કીઓસ વિગેરે) અને આ જ કાયદા હેઠળ અન્ય બાબતનાં કેસો.
(2) ન.મ.પા.ધ્વારા /વિરુધ્ધ વિવિધ ટ્રીબ્યુનલ /આયોગ /કમિશનમા દાખલ કરવામાં આવતા કેસો
(3) ન.મ.પા.ધ્વારા /વિરુધ્ધ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં દાખલ કરવામાં આવતા સિવિલ તેમજ ક્રિમિનલ તમામ પ્રકારના કેસો
(4) ન.મ.પા.ધ્વારા /વિરુધ્ધ નામદાર સુપ્રીમ કોર્ટના તમામ પ્રકારના કેસો

ઉપરોક્ત વિવિધ પ્રકારના કેસો માટે હાલમાં પ્રેક્ટિસ કરતાં જે તે કેસોના કામોનો ૧૦ વર્ષ કરતાં વધુ પ્રેકટીસનોઅનુભવ ધરાવતા ઇચ્છુક વકીલો પાસેથી અરજી મંગાવવમાં આવે છે

**<u>લાયકાત :-</u>**

૧.અરજદાર જે પ્રકારના કેસોની પેનલ માટે અરજી કરતાં હોય તેવા કેસો માટે સનદ મેળવ્યા તારીખથી હાઇકોર્ટ,સુપ્રીમકોર્ટમાં ઓછામાં ઓછા ૧૦ વર્ષ
સુધી કામગીરી કરેલ હોવી જોઇએ.
૨.અનુભવ માટે નામદાર હાઇકોર્ટ, નામદાર સુપ્રીમ કોર્ટ વિગેરે સંબંધિત કોર્ટનું પ્રમાણપત્ર તેમજ સનદની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.
૩. ઉપરોક્ત પ્રકારના કેસો ચલાવવાનો અનુભવ ધરાવનાર તથા તે પ્રકારના કેસો બાબતે બિચે જણાવેલ માહિતી અંગેના જરૂરી પુરાવા અરજી સાથે રજુ
કરવાના રહેશે.
૩.૧કેટલા પ્રકારના હાઇકોર્ટ / સુપ્રીમકોર્ટના કેસોમાં અપિયર થયેલ છે તથા કેટલાક હાઇકોર્ટ અને સુપ્રીમકોર્ટના કેસો નામદાર કોર્ટમાં પેન્ડીગ છે.
૩.૨કુલ કેસો પૈકી હાઇકોર્ટ/ સુપ્રીમકેસોના કેટલાક કેસોમાં તમારી તરફેણ ચુકાદો આવેલ છે
૩.૩સરકારશ્રી / કોર્પોરેશન તરફથી કેટલાક પ્રકારના હાઇકોર્ટ / સુપ્રીમકોર્ટના કેસોમાં અપિયર થયેલ છે તથા કેટલાક હાઇકોર્ટ / સુપ્રીમ કોર્ટના કેસો
નામદાર કોરટમાં પેન્ડીગ છે
૩.૪સરકારશ્રી / કોર્પોરેશન તરફથી કેટલાક કેસો પૈકી કેટલાક હાઇકોર્ટ/સુપ્રીમકોર્ટના કેસોમાં તમારી તરફેણમાં ચુકાદો આવેલ છે.

**<u>સુચના:-</u>**

૧.છેકછાકવાળી,સમયમર્યાદા બાદ આવેલ કે કયા પ્રકારની પેનલ માટે અરજી કરેલ છે તેનો ઉલ્લેખ કરેલ હશે નહી,તેવીઅરજી ધ્યાને લેવામાં આવશે
નહી.
૨.નવસારી મહાનગરપાલિકા વખતો વખત જે શરતો મુકે તેવી શરતોનું પાલન કરવાનું રહેશે.
૩.નિમણુક પામેલ વકીલશ્રીને નવસારી મહાનગરપાલિકા તરફથી હાલમાં ચૂકવવામાં આવતી ફી નું ધોરણ તથા અન્ય શરતોઅંગેની માહિતી કચેરી કામકાજના દિવસે સાંજે ૪.૦૦ થો ૬.૦૦ કલાક દરમ્યાન કાયદા અધિકારીશ્રીની કચેરી માં રૂબરૂ સંપર્ક કર્યેથી મળી શકશે.
૪. અરજદારે અરજીના કવર ઉપર : "પેનલ વકીલની નિમણુક મેળવવા બાબત" એમ સ્પસ્ટ જણાવવાનું રહેશે
૫.વેલીડ થયેલ અરજીપત્રકોના અરજદારોને ઇન્ટરવ્યુ બાબતે જાણ કર્યેથી નિયત સમયે હાજર રહેવાનુ રહેશે.

અરજદારે જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ સુધીમાં નવસારી મહાનગરપાલિકા કચેરીએ નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, નવસારી મહાનગરપાલિકાના નામે મોકલવાની રહેશે.

આ જાહેરાત ન.મ.પા ની વેબસાઇટ **nmc.gujarat.gov.in**ઉપર જોઈ શકશો પેનલ એડ્વોકેટ અંગેની અરજી : mc-nmc@gujarat.gov.in ઉપર મોકલી શકાશે.

**નાયબ મ્યુનિસિપલ કમિશ્નર**
**નવસારી મહાનગરપાલિકા**

:: **હુકમ** ::

**ઉપરોક્ત મુસદ્દા મુજબની જાહેરાત કોઈપણ બે દૈનિક વર્તમાન પત્રમાં દિન-૧ માટે પ્રસિદ્ધ કરવા આથી હુકમ કરવામાં આવે છે.**

**વહીવટી અધિકારી**

**નાયબ મ્યુનિસિપલ કમિશ્નર**
**નવસારી મહાનગરપાલિકા**

**નાયબ મ્યુનિસિપલ કમિશ્નર**
**નવસારી મહાનગરપાલિકા**